# રેગ્યુલર સિવિલ શ્યુટ નં.૪૧/૨૦૨૨
**આંક–૦૫**

| | |
|---|---|
| सत्यमेव जयते | વાદી– **સોનાજી કાળાજી વણોદરા,** ઉ.આ.વ.૬૧, ધંધો.ખેતી, રહે.તાંતીયાણા, તા.કાંકરેજ, જી.બનાસકાંઠાની **આંક–૦૫ વાળી અરજી તળે હુકમ** |

(૧) વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ સામે જાહેરાતનો તથા કાયમી મનાઈ હુકમનો દાખલ કરેલો છે અને વાદી દ્વારા હાલના દાવાની સાથે ઓ.૩૯, રૂ.૧,૨ અન્વયે તથા કલમ ૧૫૧ નીચે દાવો ચાલતા દરમીયાન હંગામી મનાઈ હુકમની માંગણી કરતી હાલની અરજી કરેલ છે.

(૨) વાદીની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે,

- ➔ મોજે તાંતિયાણા તા.કાંકરેજની સીમના ખેતર–૧નામે ઢાંઢવાળું કે જેનો રેવન્યુ સવે નંબર–૨૨૪/પૈકી/૩(જુનો) હે.આરે.ચો.મી.૧–૪૬–૭૦ ખાતા નં–૨૮૫ (જુનો)વાળુ આવેલ છે.
- ➔ ઉપરોકત દાવાવાળી મુળ જમીનના મુળ રેવન્યુ રેકર્ડ મુજબ તત્કાલીન સવે નંબર ૨૨૪ અને બીજા બે ખેતરો મળી કુલ ત્રણ ખેતરો રેવન્યુ દફતરે પ્રમોલગેશન વખતે પાડવામાં આવેલ **નોંધ નંબર–૨૩ મુજબ વણોદરા કાળાભાઈ દાનાભાઈના મુળ ખાતાના આવેલા છે.**
- ➔ ઉપરોકત દાવાવાળી મુળ જમીન અને અન્ય બે ખેતરોના મુળ ખાતેદાર તે અમો **વાદી તથા પ્રતિવાદી નં ૧ના પિતા હતા** તઓનુ સને ૧૯૮૪ના અરસામાં અવસાન થયેલુ જેથી તેઓની વારસાઈ **નોંધ નંબર ૫૯૮ તા.૧૯/૨/૮૫**ના રોજ પાડવામાં આવેલી અને તેમાં અમો વાદી સોનાભાઈ ઉપરાંત અન્ય વારસદારો સવ (૧) ડાયાભાઈ (૨) શિવાભાઈ (૩) રાભાભાઈ (૪) પાલુબેન (૫) લક્ષ્મીબેનના નામો વારસાઈ હકકે દાખલ થયેલા, સદરહુ નોધ તા. ૧૫/૪/૮૫ના રોજ પ્રમાણિત થયેલ છે.

➔ ઉપરોકત દાવાવાળી જમીન અને અન્ય જમીન લગત ગુજરનાર સ્વઃકાળાભાઈ દાનાભાઈના વારસદારો વચ્ચે વહેચણી થયેલ જે મુજબ દાવા વાળી જમીન લગતની નીચે મુજબ વહેચણી કરવામાં આવેલી જેમાં વાદી સોનાજી કાળાજી વણોદરા ના ભાગે સર્વે નં.૨૨૪/પૈકી એ.ગુ. ૩-૨૫ તથા પ્રતિવાદી નં.૧ શિવાળી કાળાજી વણોદરાના ભાગે સર્વે નં.૨૨૪ પૈકીની એ.ગુ. ૩-૨૦ આવેલી.

➔ ઉપરોકત વહેચણી અંગેની **નોંધ નં-૬૧૯ તા.૧૦/૪/૮૬**ના રોજ પાડવામાં આવેલ છે અને તે મુજબ અમો વાદી અને પ્રતિવાદી નં.૧નાએ પોતપોતાના હિસ્સામાં આવેલ **જમીનનો પ્રતત્ક્ષ કબ્જો ભોગવટો સ્વતંત્ર હકકે સંભાળી લીધેલો.** અમો વાદીના ભાગમાં રે.સ.નં-૨૨૪પૈકી એકર ૩/૨૫ ગુંઠા જમીન ભાગમાં આવેલ, જેના **હે.આરે.ચો.મી.૧-૪૬-૭૦ના માપ આકાર રૂા.૪/૬૨ સાથે અમારો ખાતા નં.૨૮૫**ને અલગ કરવામાં આવેલો અને તનો રેવન્યુ સવે નંબર **૨૨૪/૩નો આપવામાં આવેલ છે.જેનો નવો રે.સ.નં-હાલે ૭૩૫ છે.**

➔ ગુજરાત સરકાર દ્વારા ખેતીની જમીનની રી-સર્વેની કામગીરી સને-૨૦૧૬માં શરૂ થયેલી અને મોજે તાંતિયાણા ગામની સીમના ખેતરોના પણ રી-સર્વે કરવામાં આવેલ સદરહુ રી-સર્વે દ્વારા તૈયાર કરવામાં આવેલ રેકડ ડી.આઈ.એલ.આર કચેરી, પાલનપુર દ્વારા તૈયાર થયેલ અને તે લગત પ્રમોલગેશન કરવામાં આવેલ અને સક્ષમ અધિકારીશ્રીના હુકમના આધારે રેવન્યુ દફતરે નોંધ નં.-૨૪૫૯ તા.૩૧/૧૨/૧૬ પાડવામાં આવેલ જે મુજબ અમો વાદીના કબ્જામાં જે રે.સ.ન-૨૨૪/૩પૈકીનો દાખલ થયેલ તેનો નવો રે.સ.નં-૭૩૫ આપવામાં આવેલ જયારે અમો વાદીના ભાગમાં જે જમીન વહેંચણીમાં આપવામાં આવેલ **તેનુ માપ જે કુલ ક્ષેત્રફળ એકર ૩/૨૫ ગુંઠા હે.આરે.ચો.મી.૧-૪૬-૭૦નું હતું તે માપ પણ બદલાઈ ઘટાડો થયેલ** અને સદર નવા રે.સ.નં.૭૩૫નું નવુ માપ **હે.આરે.ચો.મી.૦-૯૬-૪૯**નું થઈ ગયેલ અને આમ રી-સર્વેમાં અમો વાદીના પ્રત્યક્ષ કબ્જા

ભોગવટા માલિકી હકક વાળા ખેતરના માપમાં **હે.આરે.ચો.મી.૦–૫૦–૨૧ની ઘટ જોવા મળેલી.** જયારે સદર રી–સર્વે દરમીયાન **પ્રતિવાદી નં.૧ના કબ્જામાં જે રે.સ.નં.૨૨૪/પૈકી/૨નો વહેચણી પછી દાખલ થયેલ તનો નવો રે.સ.નં.૭૨૯ આપવામાં આવેલો** જયારે પ્રતિવાદી નં.૧ ના ભાગમાં જે જમીન વહેચણીમાં આપવામાં આવેલ તેનું માપ જે **કુલ એકર ૩/૨૦ ગુંઠા હે.આરે.ચો.મી.૧–૪૧–૬૪નું હતું તે માપ પણ બદલાઈ વધારો થયેલ અને સદર નવા રે.સ.નં.૭૨૯નું નવુ માપ હે.આરે.ચો.મી.૧–૭૩–૯૨નું થઈ ગયેલ** અને આમ રી–સર્વેમાં પ્રતિવાદીના પ્રત્યક્ષ કબ્જા ભોગવટા માલિકી હકક વાળા **ખેતરના માપમાં હે.આરે.ચો.મી.૦–૫૦–૨૧નો વધારો જોવા મળેલો.**

➔ આમ અમો વાદી દ્બારા સદરહુ અમારી જમીન હે.આરે.ચો.મી. ૦–૫૦–૨૧ ની જમીનનું દબાણ ખુલ્લું કરાવવા માટે અને અમો વાદીના રે.સે.નં.૭૩૫વાળી જમીનનમાં ખેતી કામ કરવા જવા માટે વખતો વખતના તમામ કાનુની પ્રયાસ કયા હોવા છતાં પ્રતિવાદીઓ એક સંપ થઈ સદર જમીનનું દબાણ ખુલ્લુ કરી તેનો પ્રત્યક્ષ કબ્જો ભોગવટો અમોને સુપ્રત કરી આપતા નથી અને અમોને અમારા કાયદેસરના હકક હિસ્સા વાળી જમીનમાં ખેતી કામ માટે પણ જવા આવવા દેતા નથી અને તેથી અમો વાદીને આ દાવો તાબડતોબ આપ નામદાર કોર્ટ સમક્ષ લાવવાની જરૂરત પડી છે. આમ, ઉપરોક્ત હકીકતોને લઈને વાદીએ હાલની હંગામી મનાઈ હુકમની અરજી  દાખલ કરેલ છે.

(૩) આ કામે પ્રતિવાદીઓને નામ.કોર્ટ દ્બારા કારણ દર્શક નોટીસની બજવણી આંક–૮ થી થયેલી અને પ્રતિવાદીઓ તરફે **આંક–૧૭** થી દાવા તથા હંગામી મનાઈ હુકમનો સંયુક્ત જવાબ રજુ થયેલ છે તેમજ તેઓના જવાબના સમર્થનમાં પ્રતિવાદીઓએ **આંક–૧૮** થી દસ્તાવેજી લીસ્ટ રજુ કરી **માર્ક ૧૮/૧ થી ૧૮/૦૨** સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે. તેમજ તેઓએ વાદીની દાવાની હકીકતોનો મોટા ભાગે ઈન્કાર કરેલ છે અને તેઓએ તેમના જવાબમાં મહત્વની હકીકત જણાવેલ છે કે,

- આ કામના અમો પ્રતિવાદી નં.૧ તથા આ કામના વાદી અમો સગા ભાઈઓ છીએ અને અમારી વડીલો પાર્જીત મીલકત માંથી નોધ નં.૬૧૯ મુજબ જે ભાગ પડેલ છે તે મુજબ ની જમીનનો જ અમો પ્રતિવાદીઓ પાસે રે.સ.નં.૭૨૯ તથા જુનો સર્વે ન.૨૨૪ પૈકી ૨ વાળી મીલકતમાં અમો પ્રતિવાદીઓનો કબજો ભોગવટો તા. ૧૦/૦૪/૧૯૮૬ થી આવેલો છે આ કામના વાદીની કોઈ જ જમીન અમોએ પચાવી પાડેલ નથી કે પચાવી પાડવાની કોશીસ કરેલ નથી અમો પ્રતિવાદીઓ અમારા હિસ્સામાં આવેલી જમીનમાં જ ખેતી કરતા આવીએ છીએ અને આ કામના વાદી પણ તેઓની જમીન ઉપરાંત અમારી જમીનમાં કબજો મેળવવા માંગતા હોઈ જેથી આ કામના વાદી નો મલીન ઈરાદો અમારી જમીન પચાવી પાડવાનો હોઈ જેથી આપ નામ.કોર્ટમાં સત્ય હકીકત છુપાવીને આપ નામ.કોર્ટને ગેરમાર્ગે દોરવા સારૂ કરી ખોટી હકીકતો ઉભી કરી ખોટો દાવો આપ નામ.કોર્ટ દાખલ કરેલ છે અને અમો પ્રતિવાદીને ખોટા ખર્ચમાં ઉતારેલ છે.
- આ કામે વાદીના કથન મુજબ ગુજરાત સરકાર દ્વારા રી સર્વેની કામગીરી સને ૨૦૧૬ માં થયેલી અને જે નકશો તૈયાર કરવામાં આવેલો તેમાં તેઓના હે.આ.ચો.મી.૧–૪૬–૭૦ નુ માપ હતુ તે માપ બદલાઈને હાલમાં નવુ માપ ૦–૯૬–૪૯ નું થઈ ગયેલ છે અને અમો પ્રતિવાદીનું હે.આ.ચો.મી. ૧–૪૧–૬૪ નુ હતુ તે માપ બદલાઈ ને ૧–૭૩–૯૨ નુ થઈ ગયેલ છે આ જે માપમાં વધારો ઘટાડો થયેલ છે તે ફકત સર્વેયર દ્વારા કરવામાં આવેલ નકશામાં જ થયેલ છે સ્થળ ઉપર આ કામના અમો પ્રતિવાદીની અમારા હિસ્સામાં આવેલી જમીનમાં જ અમારો કબજો છે આ કામના વાદીની ૦–૫૦–૨૧ વાળી જમીનનુ અમોએ કોઈ દબાણ કરેલ નથી પરંતુ જે માપમાં નકશા મુજબ રી સર્વેમાં સર્વેયરો દ્વારા જે ભુલ થયેલ છે તે ફકત નકશા ઉપરની જ ભુલ છે પરંતુ આ કામના વાદીને અમારી જમીનનો કબજો લઈ લેવો હોઈ જેથી

તેઓએ અમોએ તેઓની જમીનનો કબજો પડાવી પાડેલ છે તેવી ખોટી હકીકતો ઉભી કરી ખોટો દાવો આપ નામ.કોટમાં દાખલ કરેલ છે આ કામના વાદી અમારા હિસ્સામાં આવેલી જમીન માં ગેરકાયદેસર રીતે ધુસી જઈને અમારી જમીનનો કબજો પડાવી લઈ તેમાં ગેરકાયદેસર મકાન બનાવતા હોઈ જેથી અમો પ્રતિવાદી નં.૧ વાળાએ મામલતદારશ્રી કાંકરેજમાં તા.૩૦/૦૩/૨૦૨૧ ના રોજ લેખીત અરજી પણ આપેલી તેમ છતા પણ આ કામના વાદી અમારી જમીન પચાવી પાફવા સારૂ કરી અમોને ધમકી આપતા હતા કે તુ આ જમીન ખાલી કરીને ચાલ્યો જા નહીતર અમો તને કેશ કરીને ફસાવી દઈસુ તેમજ અમારા ઉપર થરા પો.સ્ટે. ખોટી ફરીયાદ કરેલ હોઈ જેથી અમો પ્રતિવાદી નં.૧ વાળાએ તા.૨૧/૦૪/૨૦૨૧ ના રોજ આ કામના વાદી વિરૂધ્ધ જીલ્લા પોલીસ વડા પાલનપુરને તેમજ થરા પોલીસ સ્ટેશન તથા ડી.વાય.એસ.પી.શ્રી દિયોદર વાળાને લેખીત ફરીયાદ આપેલી તેમ છતા પણ આ કામના વાદી એનકેર પ્રકારે અમારી જમીન પડાવી લેવા માંગતા હોઈ જેથી અમો પ્રતિવાદી નં.૧ વાળાએ વાદી વિરુધ્ધ ગુજરાત જમીન પચાવી પાડવા પ્રતિબંધ અધિનીયમ ૨૦૨૦ ના કાયદા મુજબ કલેકટરશ્રી બનાસકાંઠાને અરજી કરેલી જે કેશ કલેકટરશ્રીએ જમીન ભાઈએ ભાગની હોઈ અને ભાગની વહેચણીની તકરાર હોઈ જેથી કેશ ફાઈલ કરેલો અને આમ છતા પણ આ કામના વાદી એનેકેર પ્રકારે અમારી જમીન પચાવી પાડવા માંગતા હોઈ જેથી તેઓએ હાલમાં ખોટી હકીકતો ઉભી કરીને ખોટો દાવો આપ નામ.કોર્ટમાં દાખલ કરેલ છે આ કામના વાદીને આવો કોઈ જ દાવો કરવાનો કે હંગામી મનાઈ હુકમની અરજી કરવાનો કોઈ જ હકક અધિકાર નથી આ કામે માપમાં જે વધઘટ થયેલ છે તે સમગ્ર ગુજરાત રાજયમાં દરેક જગ્યાએ માપમાં આવા વધારા ઘટાડા થયેલ હોઈ જેથી સરકાર શ્રીએ એવી જાહેરાત કરેલી છે કે જે પણ ગામમાં રી સર્વેમાં માપમાં વધારા ઘટાડા થયેલા છે તે દરેક ગામમાં ફરીથી મેન્યુલ માપણી

કરવામાં આવશે આમ સરકારશ્રીના ધ્યાન ઉપર સમગ્ર ગુજરાતમાં સરકારશ્રી દ્વારા રી સર્વેમાં થયેલી ભુલ સુધારવા માટેની કાર્યવાહી કરવામાં આવતી હોય ત્યારે વાદીને આવો કોઈ જ દાવો આપ નામ.કોર્ટમાં લાવવાની ફરજ પડતી નથી.

- આ કામના વાદીને અમોએ કયારે તેમના હિસ્સાની જમીનમાં ખેતી કામ કરતા હરકત અટકાયત કરેલ કરાવેલ નથી કે વાદીના જણાવ્યા મુજબ જમીનનુ દબાણ ખુલ્લુ કરાવી આપવા તેઓએ અમારી પાસે રજુઆત કરતા અમોએ તેઓને કોઈ ધમકી આપેલ નથી કે કોઈ તોછડો જવાબ આપેલ નથી કે તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી પરંતુ આ કામના વાદીએ અમારા ઉપર ખોટી ફરીયાદ કરેલી છે.
- આ કામના અમો પ્રતિવાદીએ વાદીની ૦-૫૦-૨૧ હે.આ.ચો.મી જમીનમાં કોઈ દબાણ કરેલ નથી કે તેઓને જમીનમાં ખેતી કામ કરતા વંચીત રાખેલ નથી જેથી અમો પ્રતિવાદીઓએ વાદીને દર વર્ષે વાધિક રૂા.૫૦,૦૦૦/- ની ઉપજ ની નુકશાની કરેલ હોય આમ આ કામના વાદીને અમો પ્રતિવાદીએ આવી કોઈ રકમ આપવાની જવાબદારી થતી નથી. આ કામના વાદીનો કોઈ પ્રાયમાફેસી કેશ નથી કે બેલેન્સ ઓફ કન્વીનીયસ પણ વાદીની તરફેણમાં નથી કે આ કામના વાદીને હંગામી મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણા થી પણ ભરપાઈ ન થાય તેવુ નુકશાન થાય તેમ નથી. જયારે અમો પ્રતિવાદીઓનો સને ૧૯૮૬ થી સદરહુ જમીનનો કબજો ભોગવટો હોઈ તેમજ અમોએ આ કામના વાદીની જમીનમાં કોઈ જ દબાણ કરેલ ન હોઈ માપ વધ ઘટનો જે પ્રશ્ન છે તે સર્વેયર નો પ્રશ્ન હોઈ ફક્ત ૭×૧૨ ના પાનીયા પુરતો જ આ પ્રશ્ન છે સ્થળ ઉપર કોઈ જ કબજો ભોગવટો અમો પ્રતિવાદીનો નથી અમો પ્રતિવાદીઓનો આમ પ્રથમ દર્શનીય કેશ છે બેલેન્સ ઓફ કન્વીનશ પણ અમો પ્રતિવાદીની તરફેણમાં છે આ કામના વાદીને જો હંગામી મનાઈ હુકમ આપવામાં આવેતો અમો પ્રતિવાદી તરફે ન્યાયનો હેતુ જળવાય તેમ ન હોઈ તેમજ અમો પ્રતિવાદીઓને નાણામાં પણ ભરપાઈ

ન થઈ શકે તેવુ મોટુ નુકશાન થાય તેમ છે જેથી આ કામના વાદીની હંગામી મનાઈ હુકમની અરજી તથા દાવો રદ્દ કરવા અરજી કરેલ છે.

(૪) આ કામે વાદીના વિ.વશ્રીએ તેમની અરજીમાં જણાવેલ હકીકતોના પુનરાવર્તન રૂપે આંક–૧૭ થી લેખીત દલીલો રજુ કરેલ છે. જેમાં મુખ્યત્વે તેઓની હંગામી અરજી મુજબની હકીકતોને વળગી રહેલ છે તેમજ વધુમાં તેઓએ જણાવેલ છે કે,

- અમો વાદીના D.I.L.R કચેરી અરજી નં–૭૦૨૧૨૨૦૨૨૧૩૩૮૭૦/ અરજન્ટ/ ૨૨–૨૩ ના કામે સર્વેયર દ્વારા માપણી કરવામાં આવેલ અને જેમાં અમો વાદીના કબજા ક્ષેત્રફળ હે.આરે.ચો.મીઃ ૦૧–૦૦–૦૯ થાય છે.અને જેની નોધ નં:–૨ માં તેમણે પણ જણાવેલ છે કે ૭/૧૨ ના નકશામાં તફાવત હોઈ તેમજ સુસંગત રહેતા ન હોઈ રી–સર્વેનો માપણી માપણી નકશો સુધારાને પાત્ર થાય છે સદર માપણી મુજબ પણ ૦૦–૪૬–૬૧ નો ફેરફાર આવે છે તેમજ પ્રતિવાદીના સર્વે નં–૭૨૯ નું ૧–૪૬–૬૪ વાળું –૧–૭૩–૯૨ થઈ ગયેલ જે પરથી પ્રતિવાદીઓએ કરેલ દબાણ સ્પષ્ટ પણે જોઈ શકાય છે.
- આમ, ઉપરોકત દાવાવાળી જમીન તે અમો વાદીઓની મુળ વડિલો પાર્જિત જમીન પરત્વે વર્ષો થી તેનો પ્રત્યક્ષ કબ્જો ભોગવટો અને ખેડ હકક અમો વાદીઓને હતો અને સદર દાવાવાળી જમીનની વિઘોટી વેરો ભરપાઈ કરીએ છીએ આમ છતાં આ કામના પ્રતિવાદીઓ ચેનકેન પ્રકારે દાવાવાળી જમીન અમો વાદીઓના પ્રત્યક્ષ કબ્જો ભોગવટો અને માલીકી હકક છીનવી લેવા માંગે છે અને દાવો દાખલ થયા પછી સતત જાસા ધમકીઓ આપે છે અને વખતો વખત ખેતરમાં આવી અમો વાદીઓને ધમકીઓ આપે છે.
- વધુમાં તેઓ જણાવેલ છે કે, મોજે તાંતિયાણા તા.કાંકરેજના સર્વેનં–૭૩૫ ની નોંધ નં–૬૧૯ તા.૧૦/૪/૮૬ના રોજ ની વહેચણી નોધ, મોજે ગામ તાંતિયાણાના ખાતા નં ૩૮૫/૩૮૪ ના જુના ઉતારા, તેમના જવાબમાં અમારી દાવાવાળી જમીનના તેમના કયા હક્કથી

માલીક છે જેનો કોઈ નક્કર પુરાવો પણ મળતો નથી તેમજ પ્રમોલગેશન નોંધ પ્રસ્તુત રેવન્યુ રેકર્ડએ માલીકી હક્ક નક્કી કરવા માટેનું સક્ષમ રેકર્ડ નથી તેવુ દલીલના ખાતર માની લેવામાં આવે તો હાલના તબક્કે આંક–૫ ની અરજી મુજબ અમો વાદીનો પ્રથમ દર્શનીય માલીકી હક્ક અને પ્રથમ દર્શનીય કબજા હક્ક પુરાવા દસ્તાવેજી આધારો છે અને વાદીના કબજા હક્કના રક્ષણ માટેની દાદ આંક–૫ લગત માંગવામાં આવેલ છે તે દાદ પ્રાયમાફેસી છે.

- વધુમાં તેઓ જણાવેલ છે કે, આમ ઉપરના પ્રતીવાદીઓ અમારી માલીકી જમીનમાં ગેરકાયદેસર પ્રવેશકરી પ્રમોગલેશનનો આડકતરો લાભ લેવા અમારી પાસેથી જમીનનો કબજો પડાવી લેવા અમોને માર મારવાની ધમકીઓ આપતા હોઈ તેમજ અમારી ઉપર ખોટી અરજીઓ કરતા હોઈ અમારે હાલનો આ દાવો દાખલ કરવાની જરૂર પડી છે.
- પ્રતીવાદીઓએ તેમનો જવાબ તથા આંક–૫ ની અરજીનો જવાબ રજુ કરેલ છે, તેમાં વાદીના દાવાની હકીકતો ખોટી રીતે ઈન્કાર કરેલ છે. પ્રતીવાદીઓની મહદઅંશે.તકરાર દાવાની અમારી દાદ સંબધીત છે તેઓએ આ કામના વાદીની વચગાળાએ મનાઈ હુકમની અરજી લગતનો મનાઈ હુકમ અગરતો વાદીના કબ્જા હકકની સ્થિતીને જાળવવાનો હુકમ કરવા માટેની માંગણીનો ઈન્કાર કરી શકાય તેવી કોઈજ નકકર વિગતો રજુ કરેલ નથી અને તેવો કોઈ આધાર પુરાવો પણ રજુ કરેલ નથી
- પ્રતીવાદીઓએ તેમના જવાબના પેરા –૧૮ (પેઈજનું–૭)માં એવુ જણાવ્યુ છે કે આ કામના વાદીની 0–૫૦–૨૧ વાળી જમીનું અમો એ કોઈ દબાણ કરેલ નથી પરંતુ જે માપમાં નકશા મુંજબ રી સર્વેમાં સર્વેયર ઘ્રારા ભુલ થયેલ છે તે ફકત નકશા ઉપરની ભુલ છે.
- અલબત, આ હકીકત સ્પષ્ટ પ્રતિવાદીઓ પણ કબુલ રેકર્ડ પર કબુલ રાખેલ હોઈ સ્પષ્ટ પણે જાણી શકાય છે કે તેમના ક્ષેત્રફળ હે.આરે.ચો.મી માં જે વધારો થયેલ છે તે પણ ભુલ થી થયેલ છે સદર

હકીકતથી પણ હાલના પ્રતિવાદીઓના વાણી વર્તન ઈરાદા ધ્યાને આવે છે અને જે ફલીત કહે છે કે અમારા કબ્જાની જમીન તેમણે તેમના કબ્જામાંથી ભેળવી દિધેલ છે ત્યારે વાદીના આંક –પની અરજી લગત કબ્જો અને માલીકીનું રક્ષણ હાલના પ્રતિવાદીઓ સામે જે માંગેલ છે તે પ્રથમ દ્રષ્ટીએ મળવા પાત્ર થાય છે.

- પ્રતીવાદીઓએ તેમના જવાબના પેરા –૧૮ (પેઈજનું–૯)માં એવુ જણાવ્યુ છે કે "અમો પ્રતિવાદીઓના સને ૧૯૮૬ થી સદરહું જમીનનો કબ્જો ભોગવટો હોઈ અલબત, આ હકીકત રેકર્ડ વિરુધ્ધની છે અને સદર એક વાક્યથી વાદીને હંગામી હુકમ મળવવાનેપાત્ર છે કારણ કેપ્રતીવાદીઓએ તેમના જવાબના પેરા –૧૮ (પેઈજનું–૭)માંજ વાદી વિરુધ્ધ મકાન બનાવવા બાબતે ૨૦૨૧માં ફરીયાદ કરવાની હકીકત બતાવે છે જેથી પણ કબ્જા અંગે વિસંગતતા ઉભી થાય છે અને પ્રતિવાદીઓને એક મનધડત અને ઉભી કરેલ વાર્તા હોય તેમ સ્પષ્ટ જોઈ શકાય છે ત્યારે પણ વાદીના આંક–૫ ની અરજી લગત કબ્જો અને માલીકીનું રક્ષણ હાલના પ્રતિવાદીઓ સામે માંગેલ છે તે પ્રથમ દ્રષ્ટીએજ મળવા પાત્ર છે.
- પ્રતીવાદીઓએ તેમના જવાબના પેરા –૧૭ (પેઈજનું–૫)માં એવુ જણાવ્યુ છે કે વાદીની આ જમીનમાં કોઈ માલીકી નથી વાદીનું નામ કે રેકર્ડ નથી. અલબત, આ હકીકત રેકર્ડ વિરુધ્ધની છે અને સદર એક વાકયથી વાદીને હંગામી હુકમ મળવાને પાત્ર છે કારણ કે.હાલના પ્રતીવાદીઓની અરજીમાંજ તેઓ તેમની માલીકી હકક કે તેમના જમીન ક્ષેત્રફળ માં થયેલ વધારા બાબતે સ્પષ્ટ નકર પુરાવાઓ કે માલીકી હકક દર્શાવી શક્યા નથી.પ્રતીવાદીએ જયારે દાવા જવાબના મુજબ દાવા તારીખે વાદીના કબ્જાની હકીકત અને માલીકી કબુલ કરી છે ત્યારે વાદીના આંક–૫ ની અરજી લગત કબ્જા અને માલીકીનું રક્ષણ હાલના પ્રતિવાદીઓ સામે જે માંગેલ છે તે પ્રથમ દ્રષ્ટીએ જ મળવા પાત્ર છે.

- ઉપરોકત તમામ હકીકતોએ અમો વાદીનો પ્રાયમાફેસી કેસ છે.બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમાં હોઈ વાદીને હાલના પ્રતીવાદીઓ વિરુધ્ધ માંગણી મુજબનો મનાઈ હુકમ આપવામાં ના આવે તો તેઓ સદર જમીનના રેવન્યુ રેકર્ડનો દુર ઉપયોગ કરે તેમ છે અનેનાણાંથી ભરપાઈ ના થાય તેવું નુકશાન અમો વાદીને થવાનો સંભવ છે
- આમ, ઉપરોક્ત દલીલો રજુ કરી વાદીની દાવા અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે. જે સાથે આંક-૨૩ થી જે દસ્તાવેજી યાદી રજુ કરેલ છે જે દસ્તાવેજી યાદીના દસ્તાવેજો નિશાની ૨૩/૧ થી ૨૩/૪ સુધીના ઉપર આધાર રાખી અરજીમાં જણાવેલ મનાઈ હુકમ મંજુર કરવા વિનંતી કરેલ છે. તેમજ દાવાના કામે આંક-૦૪ થી દસ્તાવેજી યાદી રજુ કરી દાવા અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

**સદર કામે રજુ થયેલ તમામ હકીકતો, મનાઈ અરજી ધ્યાને લેતા મારી સમક્ષ નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.**

| | |
|---|---|
| **મુદ્દા નં.૦૧.** | શુ વાદીનો કેસ પ્રથમદર્શનીય છે? |
| **મુદ્દા નં.૦૨.** | શુ સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે? |
| **મુદ્દા નં.૦૩.** | શુ વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાથી ન ભરપાઈ થાય તેવુ નુકશાન થાય તેમ છે? |
| **મુદ્દા નં.૦૪.** | શુ હુકમ? |
| | **ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.** |
| **મુદ્દા નં.૦૧.** | નકારમાં |

| | |
|---|---|
| **મુદ્દા નં.૦૨.** | નકારમાં |
| **મુદ્દા નં.૦૩.** | નકારમાં |
| **મુદ્દા નં.૦૪.** | આખરી હુકમ મુજબ. |

**–::કારણો::–**

(૬) સદર કામે મુદ્દા નં.૧ થી ૩ એક સાથે સંકળાયેલ હોઈ ચર્ચામાં પુનરાવર્તન કરવા માટે મુદ્દા નં.૧ થી ૩ ની સંયુક્ત ચર્ચા કરવાનું યોગ્ય જણાતુ હોઈ સંયુક્ત ચર્ચા કરેલ છે.

(૭) આ કામે વાદીની અરજીની હકીકતો વંચાણે લઈએ તો, આ કામના વાદી અરજીની એવી દાદ સાથે ઉપસ્થિત થયેલ છે કે,

મોજે તાંતિયાણા તા.કાંકરેજની સીમના ખેતર–૧નામે ઢાંઢવાળું કે જેનો રેવન્યુ સર્વે નંબર–૨૨૪/પૈકી/૩(જુનો) વાળી જમીન હે.આરે.ચો.મી.૧–૪૬–૭૦ (એકર ૩.૨૫ ગું ઠા) ખાતા નં–૨૮૫(જુનો)વાળી જમીન પૈકી ની હાલે હે. આરે.ચો.મી.૦–૯૬–૪૯ વાળી જે જમીન અમો વાદી ના સ્વતંત્ર કબજા ભોગવટા માલીકી હકક માં આવેલ છે.તે જમીન ના અમારા પ્રત્યક્ષ કબજા હકક ભોગવટામાં પ્રતિવાદીઓ પોતે જાતે યા તેમના માણસો, એજન્ટો મારફત પ્રવેશ કરે કરાવે નહી અને સદરહુ જમીન માં અમોને ખેતી કામ કરવા જતા — આવતા કોઈ હરકત હેલો કરાવે નહી તેમજ સદરહું દાવા વાળી જમીન કોઈને પણ કોઈ રીતે તબદીલ કરે કરાવે નહી તેવો દાવા ના આખરી નીકાલ થતા સુધીનો હંગામી મનાઈ હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૮) હવે, વાદીની હાલની અરજી લક્ષમાં લેવામાં આવે તો, તેઓનું કથન છે કે, પ્રતિવાદીએ વાદીની સર્વે નં.૭૩૫ વાળી જમીનમાં આવતી હે.આરે.ચો.મી ૦–૫૦–૨૧ જેટલી જમીન પ્રતિવાદીએ તેઓના સર્વે નં.૭૨૯માં ભેળવી દીધેલ છે અને કબજો કરી લીધેલ છે અને દબાણ કરેલ છે તે દબાણ ખુલ્લુ કરવાની મુખ્યત્વે તકરાર ઉપસ્થિત થયેલ છે. આમ, વાદીએ

તેઓની દાવા અરજીમાં રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે તે લક્ષમાં લેવામાં આવે તો વાદીએ રજુ કરેલ માર્ક ૪/૩ વાળા ૮અના ઉતારામાં સર્વે નં.૭૩૫માં નોંધ નં.૨૪૫૯ થી ક્ષેત્રફળ ૦-૯૬-૪૯ દર્શાવેલ છે. તેમજ વાદીનું કથન છે કે, જ્યારે ગુજરાત સરકાર તરફે રી સર્વેની કામગીરી થયેલ ત્યારે તેઓના ખાતમાંથી જમીનમાં ઘટાડો થયેલ છે અને પ્રતિવાદીના જમીનમાં વધારો થયેલ છે. હવે જ્યારે માર્ક ૪/૫ લક્ષમાં લેવામાં આવે તો ઉપરોક્ત જણાવ્યા મુજબ નોંધ નં.૨૪૫૯ થી સર્વે નં.૭૨૯માં ક્ષેત્રફળ ૧-૭૩-૯૨ દર્શાવેલ છે. આમ, પ્રથમદર્શનીય બન્ને સર્વે નંબરોના ક્ષેત્રફળમાં તફાવત જોવા મળે છે. પરંતુ વાદીએ આ કામે રજુ કરેલ માર્ક ૪૧/૨ લક્ષમાં લેવામાં આવે તો વાદીનો સર્વે નં.૭૩૫માં કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૧-૦૦-૦૯નો છે. આમ, રેવન્યુ રેકર્ડ અને ડી.આઈ.એલ.આર.ના સર્વે મુજબની પ્રત્યક્ષ સ્થિતિ જોવામાં આવે તો વાદીના રેવન્યુ રેકર્ડ પ્રમાણે અને ડી.આઈ.એસ.આર. દ્વારા થયેલ સર્વે મુજબમાં પણ તફાવત જોવા મળે છે. આમ, તે પરથી તે હકીકત માની શકાય કે, સદર તફાવત તે રેવન્યુ રેકર્ડ પર જણાઈ આવે છે. વધુમાં, પ્રતિવાદીનું કથન છે કે, જયારે પ્રમોલગેશનથી રી-સર્વે થયેલ ત્યારે બન્ને સર્વે નંબરમાં ઉતારામાં ક્ષેત્રફળમાં આંકડામાં ભુલ થયેલ છે પરંતુ વહેચણી વખતે જે મુજબ જમીન ભાગે આવેલી છે તે મુજબનો કબજો બન્ને પક્ષકારો પાસે છે. તે હકીકત સબબ ચર્ચા કરવામાં આવે તો પ્રતિવાદીના આ કથન સાથે અદાલત સંમત થઈ શકે છે કારણ કે જ્યાર સુધી આ કામે પુરાવા લેવામાં ન આવે ત્યાર સુધી તે નિર્ણય કરવુ શક્ય નથી કે પ્રતિવાદીએ વાદીની જમીનનો કબજો કરેલ છે અને દબાણ કરેલ છે. વધુમાં, વાદીએ અત્રે રજુ કરેલ માર્ક ૪૧/૨માં પણ ડી.આઈ.એલ.આર.નો નકશો જોવામાં આવે તો તે ફક્ત સર્વે નં.૭૩૫ પુરતો જ થયેલ છે જ્યારે પ્રતિવાદીના સર્વે નં.૭૨૯ની સ્થળ સ્થિતી અત્રે રેકર્ડ ઉપર સ્પષ્ટ થતી નથી. ઉપરાંત, વાદીએ આંક-૦૬ થી જે પંચનામુ કરવા અરજી આપેલ અને કોર્ટ કમીશ્નરે જે પંચનામુ રજુ કરેલ છે અને નકશો રજુ કરેલ છે તેમાં કોઈ જગ્યાએ એવી હકીકત સ્પષ્ટ થતી નથી કે પ્રતિવાદીએ વાદીઓની વધારાની જમીન પર દબાણ કરેલ છે.

(૯) આમ, ઉપરોક્ત તમામ હકીકતો, વાદીની હાલની અરજી, વાદીએ રજુ કરેલ આંક-૦૪ વાળી દસ્તાવેજી કાગળો તેમજ પ્રતિવાદીએ રજુ કરેલ જવાબ તઆ તે સાથે રજુ કરેલ દસ્તાવેજી કાગળો તેમજ વાદીની લેખીત અને પ્રતિંવાદીની મૌખીક દલીલો લક્ષમા રાખી

જોવામાં આવે તો સદર દાવાના કામે ઈન્સાફી કાર્યવાહી પુર્ણ ન થાય અને પુરાવા નોંધવામાં ન આવે ત્યા સુધી વાદીએ કરેલ આક્ષેપ મુજબ પ્રતિવાદીએ તેઓની જમીન પર દબાણ કરેલ છે યા તો રી–સર્વે મુજબ ઉતારામાં ક્ષેત્રફળમાં ફેરફાર થયેલ છે તેમજ કયા પક્ષકાર પાસે કેટલા હીસ્સાનો પ્રત્યક્ષ કબજો છે તે નકકી કરવી શકાય તેમ ન હોય વાદીનો હાલનો કેસ હાલના તબક્કે પ્રથમ દર્શનીય જણાતો નથી તેવુ અમારી સ્પષ્ટ માનવુ છે. વધુમાં, ઉપરોક્ત સંજોગો ધ્યાને લેતા અગર વાદીની હંગામી મનાઈ હુકમની અરજી મંજુર કરવામાં આવે તો વાદી કરતા પ્રતિવાદીઓ નં.૧ નાઓને નાણામાં ભરપાઈ ન થાય તેવુ નુકશાન થવાની સંભાવના છે અને તેથી જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને અગવડતા પડે તેમ છે તેથી મુદ્દા નં.૨ અને ૩નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરૂ છુ.

**–::હુકમ::–**

(૧) વાદીની આંક–૫ વાળી હંગામી મનાઈ હુકમની અરજી ના–મંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ ૧૦ મી માહે જુન સને ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

શિહોરી
તા.૧૦–૦૬–૨૦૨૪

(પ્રજ્ઞેશકુમાર બાબુભાઈ પટેલ)
પ્રિન્સિપાલ સિવિલ જજ, શિહોરી
કોડ–જીજે૦૧૨૭૮